જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૧/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૫૪૬ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ રિક્ષા અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૯/૨૦૨૬**

આનંદનગરઃ રાજેન્દ્રકુમાર રસીકભાઈ પટેલ (ઉ.વ.૪૪) (રહે. પ્રાર્થના એલીગન્સ વંદે માતરમ આઈકોનના ખાંચામાં આર્યન સીટી પાસે ગોતા) એ તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને–૨૦૨૪ માહે ઓકટોબરથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર શ્યામલ ચાર રસ્તા ખાતે સનવાટીકા બીલ્ડીંગમાં ૭ માં માળે અસીમા ઓવરસીસના નામથી વીઝા કન્સલ્ટન્સીની ૭૧૨–નંબરની ઓફીસ ખાતે આરોપી (૧) વિજયકુમાર મહેન્દ્રરાય દવે અને (૨) અર્જુન વિજયકુમાર દવે (બન્ને રહે. સુદર્શન પ્રાઈમ ફલેટ નીલગીરી બંગ્લોઝ સામે સોલા ભાગવત સોલા) તેમજ (૩) જય સ/ઓ વિરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ (રહે. વિશ્વાસ સીટી–૨ પ્રમુખનગર ફલેટની બાજુમાં આર.સી.ટેકનીકલ કોલેજ રોડ ઘાટલોડીયા) અને (૪) વાચીકા વા/ઓ ચીરાગભાઈ સેલત (રહે. ઉમા સોસાયટી, જૈનમર્ચન્ટ સોસાયટી પાલડી ચાર રસ્તા પાલડી) નાઓએ ભેગા મળી વિશ્વાસમાં લઈ ઓસ્ટ્રેલિયા ખાતેના વર્ક પરમીટ વિઝા તેમજ વિઝિટર વિઝા કઢાવી આપવાની પાકી ખાતરી આપી રૂપિયા ૨૩,૦૦,૦૦૦/– મેળવી લઈ બનાવટી વિઝા આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.દેસાઈ ચલાવે છે.

એલીસબ્રીજઃ ગૌરવ સ/ઓ જીતેન્દ્રભાઈ લાહીગરા (ઉ.વ.૨૭) (રહે. ગીરીરાજ ૮/૧૬ ગુંદાવાડી રાજકોટ) એ તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ પોલ સ્ટ્રીટ–૨ બીજો માળ ઓફિસ નંબર–૨૦૮ ખાતે આરોપી પ્રિયાબહેન ઠક્કર નાઓએ સિક્યોર બેંક લોન કરી આપવાનુ જણાવી ગૌરવ લાહીગરા પાસેથી રૂપિયા ૧૨,૨૨,૫૦૦/– મેળવી લઈ લોન નહી કરાવી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડોડીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૦/૨૦૨૬**

ગાયકવાડ હવેલીઃ મોહમદઅનસ સ/ઓ મોહમદયાસીન શેખ (રહે. જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૬ કલાક ૦૩/૪૫ વાગ્યાના સુમારે રાયખડ આઇ.પી.મીશનસ્કુલ સામે રીવર વોક કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પોતાની ફ્રોસ્ટ બાઈટ નામની દુકાનનું શટર ઉંચું કરી બે પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ગલ્લામાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/– ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મયુર રાજેશકુમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૮૧/૨૦૨૬**

કૃષ્ણનગરઃ તારાબહેન વા/ઓ હસમુખભાઇ ડબગર (ઉ.વ.૬૫) (રહે. મધુવન ગ્લોરી ફ્લેટ કેનાલ રોડ નવા નરોડા) તા.૦૮/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ચાર રસ્તાથી મેમ્કો સુધીની શટલ ઓટો રિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં પાછળની સીટમાં બાજુમાં બેસેલ બે પેસેન્જરો એ નજર ચુકવી તારાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લઈ તારાબહેનને જી.ડી.રોડ ખાતે રિક્ષામાંથી ઉતારી અન્ય પેસેન્જરને ઉતારી પરત આવવાનું કહી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તારાબહેન ડબગર એ તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૨/૨૦૨૬**

ચાંદખેડાઃ વશરામભાઇ શાંતીભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. વિરમાયાનગર સ્નેહ પ્લાઝા પાસે આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૬ રાતના ૦૮/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સાબરમતી પંચશીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૧/૨૦૨૬ કલાક ૦૨/૩૭ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

ખોખરાઃ રોહીતદાસ સ/ઓ દામુ અવાડે (ઉ.વ.૫૨) (રહે. ભાઇપુરા પંજાબી તાળા વાળાની ચાલી ધર્મ વિજય બુધ્ધવિહાર મંદિરની બાજુમાં ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૧૭/૦૧/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ક્રેનનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શિવપ્રકાશ શેષમણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી